# શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ, સુરત – ૬

# ઘરસભા (SMK)

## શ્લોક

કંઠી માળા કમંડળુ વળિ ધર્યો સચ્છાસ્ત્રનો ગુટકો
શાલીગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો;
પાણી ગાળણ વસ્ત્ર કોપિન તથા બીજુ બર્હિવાસ છે
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે

## પ્રાર્થના

હે સહજાનંદ સુખકારી તારી મૂર્તિનું સુખ આપજો (૨)
તારી મૂર્તિનું સુખ આપજો
દિવ્ય અલૌકિક જીવન જીવી મૂર્તિમાં જ જોડાવજો (૨)
શ્રદ્ધા ખપથી કરી સમાગમ સૌનો મહિમા વધારજો(૨)
સૌનો મહિમા વધારજો વિઘ્ન કોઈન લાવજો (૨)
હે સહજાનંદ સુખકારી...(૨)
સંપ સુહૃદભાવ એકતા રાખી તનનું ભાન ભુલાવજો (૨)
અવગુણ છોડી સદાય સૌના ગુણ ગ્રાહી બનાવજો (૨)
ડંકો વાગે દીગંતમા સહજાનંદ નામ રટાવજો (૨)
સહજાનંદ નામ રટાવજો મારો જીવન મંત્ર બનાવજો (૨)
હે સહજાનંદ સુખકારી...(૨)
મોળી વાત કદીના કરીએ બળની વાતો અપાવજો (૨)
ગુણાતીતના બાળ અમે તો દાસ ના દાસ બનાવજો (૨)
સંત ભકતમાં નિર્દોષ બુદ્ધિ સત્સંગ નું સુખ આપજો(૨)
બાળ તમારો વિનવે પ્રભુ અભય પદ પમાડજો (૨)

## કિર્તન

સ્વામિનારાયણ નામની હો, કંઠી છે ડોકમાં;
સ્વામિનારાયણ નામની હો, માળા છે હાથમાં.
જુઠું બોલાય નહિ, ખોટુ લેવાય નહિ;
અવળું ચલાય નહિ હો...કંઠી
ચોરી કરાય નહિ, કોઈને મરાય નહિ;
જ્યાં ત્યાં ખવાય નહિ હો...કંઠી
પૂજા મૂકાય નહી, નિયમ તોડાય નહી;
સત્સંગ લજવાય નહી હો...કંઠી
સ્વામિનારાયણ નામ, ક્યારેય વિસરાય નહિ;
ભક્તિ ભુલાય નહિ હો...કંઠી

*** નોંધ ***

**ઘરમાં કિર્તનનો રાગ જાણનાર વ્યક્તિએ અહીં આપેલ ઓડીયો કિર્તન સાંભળ્યા બાદ પોતે ગાન કરી ઝીલાવવું.**

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

## ગુણાતીત બિંદુ

**કીર્તિ નો નશો દારૂના નશા કરતાં પણ તેજ હોય છે. દારૂ છોડાવો સહેલો છે પણ કીર્તિ છોડવી સહેલી નથી.**

## પ્રેરણાના પુષ્પો (ઈર્ષ્યા– અદેખાઈ)

ગાડામાં મીઠું ભરીને બાજુના ગામે જવા નીકળેલો ભક્ત નિકળતા પહેલાં મંદિરમાં ભગવાનના દર્શન કરવા ગયો. ભક્તિભાવના ભરપૂર હૈયે પ્રાર્થના કરીને એ બહાર નીકળ્યો. કાચા રસ્તે એણે ગાડું ચલાવ્યું અને અચાનક શું થયું. આકાશમાં વીજળી ચમકવા લાગી, વાદળાંઓના ગડગડાટ અવાજ થવા લાગ્યા. જોતજોતામાં તો ધોધમાર વરસાદ તૂટી પડ્યો. ગાડામાં રહેલું મીઠું વરસાદના પાણીથી ઓગળી ગયું. વાદળાંઓના અવાજથી બળદિયાઓ ધુસરું તોડીને ભાગી ગયા અને પાણી પડવાથી થઈ ગયેલા કાદવમાં ગાડું ખૂતી ગયું. આવા કપરા સમયે પેલા ભક્તે આકાશ તરફ હાથ લંબાવીને પરમાત્માને ઉદેશીને પ્રાર્થના કરી, 'પ્રભુ મીઠું ઓગળી ગયું. બળદિયા ભાગી ગયા અને ગાડું ખૂતી ગયું, એ વાત સાચી પણ એક વાત યાદ રાખજે કે હું હજી નથી ઓગળી ગયો, નથી તો ભાગી ગયો કે નથી તો ખૂંતી ગયો. તારે હજી મારી કસોટી કરવી હોય તો કરી લેજે. હું તો એવો ને એવો અડીખમ રહેવાનો છું.

પરમાત્મા પ્રત્યેનો અહોભાવ, ભક્તિભાવ શું આપે છે એ સમજવા માટે આ દ્દષ્ટાંત ખૂબ ધ્યાનથી વાંચજો. સત્સંગમાં આવ્યા પછી વિપરીત સંજોગોમાં દુઃખ આવશે નહીં, એની ખાતરી નથી પણ એ સંજોગોમાં મનને કલેશનો ભોગ બનવા દેવું નહીં. સત્સંગથી મન સ્વસ્થ થાય છે, એમાં પળભર વિલંબ કરવા જેવો નથી. સત્સંગથી મન સદ્‌ગુણને સરવાડે ચડે છે અને કુસંગથી મન ઊંધે રવાડે ચડે છે.

## વચનામૃત

ગતાંકથી

હવે પૃથ્વીનું લક્ષણ કહીએ છીએ જે, સર્વ જીવમાત્રનું ધારવાપણું અને લોકરૂપે કરીને સ્થાનપણું અને આકાશાદિક જે ચાર ભૂત તેનું વિભાગ કરવાપણું અને સમગ્ર ભૂતપ્રાણી માત્રના શરીરનું પ્રગટ કરવાપણું એ પૃથ્વીનું લક્ષણ છે. હવે જળનું લક્ષણ કહીએ છીએ જે, પૃથિવ્યાદિક દ્રવ્યનું પિંડીકરણ કરવાપણું ને પદાર્થને કોમળ કરવાપણું ને ભીનુ કરવાપણું ને તૃપ્તિ કરવાપણું ને પ્રાણીમાત્રને જીવાડવાપણું ને તૃષાની નિવૃત્તિ પમાડવાપણું ને તાપને ટાળવાપણું અને બહુપણું એ જળનું લક્ષણ છે. હવે તેજનું લક્ષણ કહીએ

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત
શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

છીએ જે, પ્રકાશપણું ને અન્નાદિકને પચવી નાંખવાપણું ને રસને ગ્રહણ કરવાપણું ને કાષ્ટનું ને હુતદ્રવ્યાદિકનું ગ્રહણ કરવાપણું ને ટાઢ્યને હરવાપણું ને શોષણ કરવાપણું અને ક્ષુધા ને તૃષા એ તેજનું લક્ષણ છે. હવે વાયુનું લક્ષણ કહીએ છીએ જે, વૃક્ષાદિકને કંપાવવાપણું ને તૃણાદિકને ભેળા કરવાપણું ને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને શ્રોત્રાદિક પંચ ઈન્દ્રિયો પ્રત્યે પમાડવાપણું અને સર્વ ઈન્દ્રિયોનું આત્માપણું એ વાયુનું લક્ષણ છે.હવે આકાશનું લક્ષણ કહીએ છીએ જે, સમગ્ર જીવમાત્રને અવકાશ દેવાપણું ને ભૂતપ્રાણીમાત્રનો જે દેહ તેનો માંહીલો વ્યવહાર અને દેહને બાહેરનો વ્યવહાર તેનું કારણપણું અને પ્રાણ, ઈન્દ્રિયો અને અંતઃકરણ એ સર્વનું સ્થાનકપણું એ આકાશનું લક્ષણ છે. એવી રીતે ચોવીશ તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ અને કાળ એમના જો લક્ષણ જાણે તો એ જીવ અજ્ઞાન થકી મુકાય છે.

અને એ જે સર્વે તેની ઉત્પત્તિ જાણવી, તે ઉત્પત્તિ કહીએ છીએ જે, પોતાના ધામને વિશે રહ્યાં એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અક્ષર પુરુષરૂપે કરીને માયાને વિશે ગર્ભને ધરતા હવા, ત્યારે તે માયા થકી અનંત કોટિ જે પ્રધાન અને પુરુષ તે થતાં હવા. તે પ્રધાનપુરુષ કેવા છે તો અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ છે. તે મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ જે પ્રધાનપુરુષ તેને કહીએ છીએ જે, પ્રથમ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે પુરુષરૂપે કરીને પ્રધાનને વિશે ગર્ભને ધરતા હવા. પછી તે પ્રધાન થકી મહત્તત્ત્વ ઉત્પન્ન થતું હવું અને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થતો હવો. તેમાં સાત્ત્વિક અહંકાર થકી મન અને ઈન્દ્રિયોના દેવતા ઉત્પન્ન થતાં હવા અને રાજસ અહંકાર થકી દસ ઈન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ એ ઉત્પન્ન થતા હવા અને તામસ અહંકાર થકી પંચભૂત અને પંચ તન્માત્રા એ ઉપજતા હવા.એવી રીતે એ સમગ્ર તત્ત્વ ઉપજ્યા.

ક્રમશઃ

## સ્વામીની વાતો

**મોટાનો મહિમા જીલને સમજવો કઠણ છે, કેમ જે, બ્રહ્માડંની પણ ગણતી નહિ ને વળી આ લોકના તુચ્છ પદાંથની પણ સંભાવના રાખે, તે એ વાત કેમ સમજાય ?**

પ્ર–૩ વા–૧૩૦

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત

## ચરિત્ર
## (સાતપડા ના ભગાભગતે મહારાજની ગારાથી પુજા કરી)

એક વખત **સાતપડાના ભગોભગત** કરીને કોળી હરિભક્ત હતા અને તે મહારાજના દર્શને અક્ષરઓરડીયે જતા હતા. તે વખતે પાર્ષદ આંબલી હેઠે ગાર ખુંદતા હતા. તેણે ભગાભગતને કહ્યું જે, 'ભગત ! ક્યાં જાઓ છો ?' ભગત કહે, 'મહારાજના દર્શને જાઉં છું.' પાર્ષદ કહે, 'ગારો ખુંદાવો, હમણા મહારાજ અહીં નીસરશે. પછી ભગાભગત ગાર ખુંદતા હતા અને મહારાજ એક પીતાંબર પહેરીને ને એક ઓઢીને ચાખડીયું પહેરીને જમવા પધારતા હતા. તે વખતે પાર્ષદે કહ્યું જે, 'ભગાભગત ! મહારાજ જાય.' ભગત એકદમ ગારાળા હાથે દોડી મહારાજના ચરણારવિંદે વાઝ્યો. એટલે પાર્ષદ સૌ કહેવા મંડ્યા જે, 'ભગાભગત ! મહારાજના ચરણારવિંદ મેલી દ્યો.' ભગત વિચારમાં પડ્યો જે, 'ચરણારવિંદ એટલે શું ? તે સમે બ્રહ્માનંદસ્વામી આવ્યા અને બોલ્યા જે, 'એલા ભગલા ? મેલી દે મહારાજનો ટાંગો. ત્યારે ભગો ભગત કહે, 'લ્યો, સ્વામી ! 'ત્યારે ભગત સમજ્યા કે, ચરણારવિંદ એટલે ટાંગો કહેવાય. પછી મહારાજ જમવા પધાર્યા ત્યારે લાડુબાઈએ પૂછ્યું જે, 'આવો કોણ પ્રેમી ભગત મળ્યો જે ગારે પુજા કરી.' મહારાજ કહે, 'એવાય ભગત મળે. પછી ઉનું પાણી લઈ મહારાજના ચરણારવિંદ ધોયા. પછી મહારાજ બાજોઠ ઉપર જમવા માટે વિરાજમાન થયા.

## જોકસ

બાબુઃ મારા કાકા ની પાસે સાઈકલથી માંડી ને હવાઈજહાજ સુધીની તમામ વસ્તુઓ છે,
કનુઃ તારા કાકા ને શેનો વેપાર છે.
બાબુઃ તેને રમકડાની દુકાન છે.

## ઉખાણું

ઝડપવાળો જમાદાર ,સવારી માહે પુરો,
રથ–ગાડી માં ઉપયોગી, લડાઈ માહે શુરો,,,

ઘોડો

## પૂર્ણાહુતિ શ્લોક

કાયેન વાચા મનસેન્દ્રિયેર્વા, બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમી યદ્યત્સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥

## નોંધ

* ઘરસભાના અંતે સમુહમાં બેસીને પ્રસાદ પણ લઈ શકાય છે. દા.ત. ફ્રુટ... વિગેરે

શ્રી સ્વામિનારાયણ મંદિર કલાકુંજ સુરત